જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૧૧/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૫૭/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૩૧/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૨,૧૩,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૧૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. અને જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૯/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૬૦/૨૦૨૨

**સાયબર ક્રાઈમઃ (૧)** પ્રાચી ડો/ઓ બિપીનચંદ્ર ડણાક (ઉ.વ.૩૪) (રહે. શિતલ વેસ્ટ પાર્ક રેસીડેન્સી અમદાવાદ-૧ મોલ પાછળ વસ્ત્રાપુર) એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ મોબાઇલ નંબર ૯૯૯૮૮૮૩૩૩૩ ના ધારકે ભાવિક જાની નામ જણાવી ત્રીપદા હાઇસ્કુલમાં સાથે અભ્યાસ કરતા હોવાની ઓળખ આપી પ્રાચી ડણાક સાથે વિશ્વાસ અને ભરોસો કેળવી પોતે બેંગ્લોર ખાતે એપલ કંપનીમાં એચ.આર.તરીકે નોકરી કરતા હોવાનું જણાવી પ્રાચીને કંપનીમાંથી આઇફોન-૧૩ પ્રો તથા એપલ મેકબુક ડીસ્કાઉન્ટ સાથે આપવાનુ જણાવી પ્રાચી ડણાક પાસેથી રૂપિયા ૨,૯૭,૯૦૦/- મેળવી લઇ આજદિન સુધી આઇફોન તેમજ મેકબુક નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** (૨) સતિષકુમાર આત્મારામ પટેલ (રહે. આંકાક્ષા સેવી સ્વરાજ જગતપુર ગોતા) એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ સતિષકુમાર પટેલ પોતાની પુત્રીના એચ.ડી.એફ.સી બેન્ક ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરવા માટે પોતાના મોબાઇલમા એચ.ડી.એફ.સી.બેંકની એપ્લીકેશન ઓપન કરી પૈસા ટ્રાન્સફર કરવાની પ્રોસેસ કરતા હતા ત્યારે એપ્લીકેશનમાં પાનકાર્ડ અપડેટ કરવાના મેસેજ આવેલ જે પાનકાર્ડ અપડેટ માટે પાન નંબર તેમજ ઓટીપી નાંખતા મોબાઈલ નંબર ૯૮૨૭૨૪૫૫૪૭ ના ધારકે સતિષકુમારની પુત્રીના ખાતામાંથી ઓનલાઇન અલગ-અલગ પાંચ ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૪,૧૯,૨૨૪/- ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** (૩) વિમલભાઈ હિરજીભાઈ ઢોલરીયા (ઉ.વ.૩૯) (રહે. સત્વશીવ સ્કાય ગંગોત્રી સંર્કલ પાસે નિકોલ) એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કસ્તુરી પ્રાઈડ, ટોરેન્ટ પાવર હાઉસ પાસે, નિકોલ અમદાવાદ ખાતે રિવાન ફાર્મા પ્રાઈવેટ લીમીટેડ નામની કંપની ધરાવી ધંધો કરતા હોઈ માહે એપ્રિલ-૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી D.Surendren , Director, Company Office;- Chemindia Petrochems Pvt.Ltd Address-S.F.No. 175/1-A, EAST Thottam, Mudalipakayam, Arasur(Po), Coimbatore-641407 Mo. 8220011251, 8220011252 તેમજ Global India Petrochemisols, Office Address;- 193, Glass Factory Layout Huskur Gate, 2'nd Phase,Kammasandra, Ananthnagar, Banglore, Karnataka-560100 તથા Global India Petrochemisols કંપનીનુ ICICI BANK A/C No. 036005016834, IFSC-ICIC0000360ના ધારકો પાસેથી MIX SOLVENT 24000 LTR મંગાવતા તેઓએ MIX SOLVENT મોકલી આપવાનુ જણાવી વિમલભાઈ ઢોલરીયા પાસેથી MIX SOLVENT ૨૪,૦૦૦ લીટર પેટે રૂપિયા ૨૩,૩૬,૪૦૦/- મેળવી લીધા હતા ત્યારબાદ માલ નહી આપતા વિમલભાઈ ઢોલરીયા એ MIX SOLVENT નો ઓર્ડર કેન્સલ કરતા રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પરત આપી માલ મોકલી આપવાનુ જણાવી આજદીન સુધી માલ નહી મોકલી તેમજ આપેલ પૈસા પૈકી બાકી નિકળતા રૂપિયા ૧૩,૩૬,૪૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૧/૨૦૨૨**

**નરોડાઃ** (૧) કરણ સ/ઓ ભુપેન્દ્રભાઇ રવાણી (રહે. દિવ્યકિરણ સોસાયટી દેવી સિનેમા સામે નરોડા) એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૨૩/૧૦/૨૦૨૨ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેઠાભાઈ બહેચરભાઈ ચલાવે છે.

**નરોડાઃ** (૨) અંબાબહેન વા/ઓ જશુભાઈ પાતળીયા (રહે. રામદેવનગરના છાપરાં નરોડા કડવા પટેલ વાડી સામે નરોડા) એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૮/૧૦/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી તા.૩૧/૧૦/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩૭,૦૦૦/- અને રોકડ રૂપિયા આશરે ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેઠાભાઈ બહેચરભાઈ ચલાવે છે.

**એરપોર્ટઃ** નિર્મલાબહેન નારુમલ લખવાણી (રહે. સમરથનગર ઇન્દીરાબ્રીજ પાસે જીવનદિપ હોસ્પિટલ પાછળ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૨ કલાક ૩/૩૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની લોખંડની જાળીના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૧,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** નિરવ રમેશભાઈ આમલશેડા (રહે. સાશ્વત ૦૨ ફ્લેટ શિવ શાંતિનગરની બાજુમાં વસ્ત્રાલ) એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૨ બપોરના ૩/૩૦ થી તા.૩૧/૧૦/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીઆઈડીસી વટવા પંચરત્ન એસ્ટેટ શેડ નંબર-૪/૦૧ ઓલ્ગા એન ફેબ પ્રાઈવેટ લીમીટેડ કંપનીના પાછળના ભાગે શેડ અને દિવાલની વચ્ચેની જગ્યામાથી કંપનીમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કંપનીના શેડમાંથી અલગ-અલગ વાયર તેમજ ઓફીસમાંથી એમ.આઈ કંપનીનુ ૩૨ ઈંચનુ ટી.વી કિમત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯૬૨/૨૦૨૨

**સરખેજઃ** અલ્પેશભાઇ ચન્દ્રકાંતભાઇ ઠક્કર (ઉ.વ.૫૦) (રહે. ભગીરથ સોસાયટી કમલાપાર્ક કેડિલા લેબોરેટરી બાજુમાં ઘોડાસર) એ તા.૨૨/૧૦/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગે સનાથલ ટોલનાકા પાસે આવેલ શ્રીજી સપ્લાયર રેતીના પ્લાન્ટ અગાળ પોતાની ડમ્પર ગાડી નંબર જીજે ૧૮ એઝેડ ૯૭૪૫ કિમત રૂપિયા ૧૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૧/૧૦/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અલ્પેશભાઇ ઠક્કર એ તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૯૬૩/૨૦૨૨

**રિવરફ્રંટ વેસ્ટઃ** પપ્પુ ઉર્ફે વસંત શ્યામલાલ સરોજ (ઉ.વ.૫૦) (રહે. શાંતિનગરની ચાલી શાસ્ત્રીનગરની ચાલીની બાજુમાં રામ-રાજ્યનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૦/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા રિવરફ્રંટ વોક-વે ઘાટ નંબર-૬ સીડી નંબર-૩૧ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેશકુમાર દુરબિનસિંહ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટ**ઃ નરેન્દ્રસિંહ ઇન્દ્રસિંહ કંપાવત (ઉ.વ.૪૭) (રહે.કૃષ્ણનગર કોલેજ પાસે ડિસા બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૦/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રંટ ઘાટ નંબર-૫ ગાર્ડન પાછળ વોક-વે નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**દાણીલીમડા**ઃ જુબેર જબારખા સિપાઇ (ઉ.વ.૨૨) (રહે. હસન હાઇટસ છીપા સોસાયટી) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી